# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર



**આણંદ-કરમસદ મનપામાં 'આપા' અને 'બાપા'નો ખેલ ખત્મ | સ્થાનિક નેતાના માનીતાના બદલે સંગઠનના કાર્યકરની પસંદગી**

# આણંદ મનપાના પ્રથમ મેયર તરીકે દીપીકાબહેન પટેલ ચૂંટાયાં

**પ્રદેશ ભાજપે** 'કોથળામાંથી બિલાડું' કાઢતા અનેક સમીકરણો બદલાયા





(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

કરમસદ - આણંદ મહાનગરપાલિકામાં ઐતિહાસિક વિજય મેળવ્યાના એક માસ બાદ આખરે ભાજપ હાઈકમાન્ડે તમામ અટકળો પર વિરામ મૂકી દીધો છે. છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી આંતરિક ખેંચતાણ અને જૂથબંધી વચ્ચે, ભાજપે આણંદના મજબૂત પાટીદાર નેતાઓના પત્તા કાપીને નવા ચહેરાઓને સત્તાના સૂત્રો સોંપ્યા છે. મનપાના પ્રથમ મહિલા મેયર તરીકે દિપિકા પટેલ અને ડેપ્યુટી મેયર પદે કમલેશ ડાભીની વરણી કરવામાં આવી છે. આ નિર્ણયથી સ્થાનિક રાજકારણમાં મોટો ગરમાવો જોવા મળી રહ્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા એક મહિનાથી મેયર અને અન્ય મહત્વના પદો માટે સ્થાનિક નેતાઓ દ્વારા પોતાના માનીતાઓને ગોઠવવા એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું. જોકે, આંતરિક જૂથબંધી વરવી રીતે બહાર આવતા પ્રદેશ ભાજપે કડક વલણ અપનાવ્યું હોય તેમ જણાય છે. આણંદ વિસ્તારના પાટીદાર કોર્પોરેટરો જેઓ પદની આશા રાખીને બેઠા હતા, તેમને પદથી વંચિત રાખતાં 'આપા' અને 'બાપા'ના રાજકીય ખેલ ઉંધો પાડ્યો છે. આ સ્થિતિને કારણે સ્થાનિક પાટીદાર સમાજ અને કેટલાક અગ્રણીઓ ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

કરમસદ - આણંદ મનપા કમિશનર આર.એન. ડોડીયાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ચૂંટણીમાં ભાજપની સ્પષ્ટ બહુમતી હોવા છતાં કોંગ્રેસે લોકશાહીના મૂલ્યો જાળવવાના હેતુથી પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. જેમાં મેયર પદ માટે ભાજપના દિપિકા પટેલને 43 મત મળ્યા, જ્યારે કોંગ્રેસના નજમાબાનુ પઠાણને 8 જ મત મળ્યાં હતાં. તેવી જ રીતે ડેપ્યુટી મેયર પદ માટે ભાજપના કમલેશ ડાભીને 43 મત અને કોંગ્રેસના એરીકાબેન મેકવાનને 8 મત મળ્યા હતા. જ્યારે કારોબારી ચેરમેન તરીકે મયુર સુથારની બિનહરીફ વરણી કરવામાં આવી છે. આ પ્રસંગે સાંસદ મિતેષ પટેલ, ધારાસભ્ય યોગેશ પટેલ અને જીલ્લા ભાજપ પ્રમુખ સંજય પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા અને આતશબાજી કરી વિજ્યોત્સવ મનાવવામાં આવ્યો હતો.

### મનપામાં આગામી અઢી વર્ષ માટે કોણ કોણ નિમાયું ?

| નવનિયુક્ત પદાધિકારી | નામ |
|---|---|
| મેયર (પ્રથમ નાગરિક) | દિપિકાબહેન પટેલ |
| ડેપ્યુટી મેયર | કમલેશ ડાભી |
| સ્થાયી સમિતિ અધ્યક્ષ | મયુર સુથાર |
| પક્ષ નેતા | અમિતભાઈ પુરોહિત |
| દંડક | હિરલબેન શાહ |

### આણંદ મનપાની ચૂંટણીમાં કોંગ્રેસનો 'એક તીર દો નિશાન'નો રાજકીય ખેલ



કરમસદ-આણંદ મનપામાં ભાજપની સ્પષ્ટ બહુમતી હોવા છતાં, કોંગ્રેસે મેયર અને ડેપ્યુટી મેયર પદ માટે મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારીને નવો વળાંક આપ્યો છે. લોકશાહીના મૂલ્યો જાળવવાના બહાને કરાયેલી આ જાહેરાત પાછળ કોંગ્રેસ નેતાગીરીની આંતરિક સોગઠાંબાજી અને ખટપટ હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. વિપક્ષ નેતા પદે મહિલાની પસંદગી કરવાની માંગ ઉઠતા, પ્રદેશ નેતાગીરીએ આંતરિક રાજકારણ ગરમાવીને મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હોવાનું મનાય છે. આ વ્યૂહરચના દ્વારા કોંગ્રેસે વિપક્ષ નેતા પદે મહિલાની દાવેદારીના છેદ ઉડાડવા માટે 'એક તીર દો નિશાન'નો ખેલ પાડી રાજકીય દાવ ખેલ્યો છે.

### અગાઉ સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન રહી ચુક્યા છે



આણંદ ભાજપના પાયાના કાર્યકર દિપીકાબેન ભૂપેન્દ્રભાઈ પટેલને આણંદના મેયર પદનો તાજ પહેરાવવામાં આવ્યો છે. તેઓ વર્ષ 2000થી પક્ષમાં સક્રિય સભ્ય છે અને દિપિકાબેને અગાઉ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ તરીકે નોંધપાત્ર સેવાઓ આપી છે. તાલુકા પંચાયતથી લઈને સંગઠન સ્તરે મહિલા મોરચાને મજબૂત કરવામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે. આમ, વર્ષો સુધી પક્ષમાં આપેલી અવિરત સેવાને ધ્યાને રાખીને ભાજપે તેમને આ જવાબદારી સોંપી છે.

### મનપામાં યુવા નેતૃત્વનો દબદબો દેખાશે



આણંદ મનપામાં ૩૬ વર્ષીય એલએલબી શિક્ષિત કમલેશ ડાભીની ડેપ્યુટી મેયર અને બીટેક ગ્રેજ્યુએટ મયુર સુથારની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે વરણી કરવામાં આવી છે. કમલેશ ડાભી ૨૦૧૩થી ભાજપમાં સક્રિય રહી સંગઠનમાં વિવિધ હોદ્દાઓ સંભાળી ચૂક્યા છે. છેલ્લા ૧૫ વર્ષથી ભાજપમાં સક્રિય મયુર સુથાર તેમના જીટોડિયા વિસ્તારના મજબૂત લોકસંપર્ક અને પક્ષ પ્રત્યેની કર્મનિષ્ઠાને કારણે પસંદગી પામ્યા છે. આમ સંગઠન સાથેની ઉત્કૃષ્ટ કામગીરી અને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા આ યુવા નેતાઓ આણંદ શહેરના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે.

### કોંગ્રેસના ટેકાથી જીતેલા અપક્ષ ઉમેદવાર તટસ્થ રહેતા આશ્ચર્ય


કરમસદ-આણંદ મનપાના મેયર અને અન્ય હોદ્દેદારોની ચૂંટણીમાં વોર્ડ નં-૩ના અપક્ષ કોર્પોરેટર મહેશ વસાવા મતદાનમાં તટસ્થ રહ્યા હતા. ગત માસે કોંગ્રેસના સમર્થનથી વિજયી થયા હોવા છતાં, આજે કોંગ્રેસના ઉમેદવારની તરફેણમાં મતદાન ન કરતા રાજકીય કૌતુક સર્જાયું છે. પ્રથમ મહિલા મેયર અને ડેપ્યુટી મેયરની વરણી સમયે મહેશ વસાવાએ અપનાવેલી આ નીતિથી સભાખંડમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા હતા. કોંગ્રેસના ટેકા છતાં તટસ્થ રહીને 'દૂધમાં અને દહીંમાં પગ રાખવાના' તેમના આ ખેલથી રાજકીય વર્તુળોમાં ભારે આશ્ચર્ય ફેલાયું છે.

---

**વિદેશમાં રહેતા ભારતીયો પર હુમલાની વધુ એક ઘટના બની : લૂંટના ઈરાદે ધોળાદિવસે ચાકુથી હુમલો થયો**

# કેનેડામાં રહેતી બોરસદની દીકરી વિધિ મેઘાની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી

**ગુજરાતની** વધુ એક દીકરીની હત્યાથી ફફડાટ ફેલાયો



(પ્રતિનિધિ) બોરસદ તા.૨૮

આણંદ જિલ્લાના બોરસદની રહેવાસી 22 વર્ષીય વિધિ મેઘાની કેનેડામાં ચાકુ મારીને હત્યા કરી દેવામાં આવી છે. આ ઘટના બાદ પરિવાર અને સમગ્ર વિસ્તારમાં શોકની લહેર છે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે વિધિ છેલ્લા ચાર વર્ષથી કેનેડાના નિયાગ્રા વિસ્તારમાં રહેતી હતી. તે ત્યાં લો (કાયદા)નો અભ્યાસ કરી રહી હતી અને અભ્યાસની સાથે-સાથે નોકરી પણ કરતી હતી. આ સિવાય તે કેનેડામાં કાયમી વસવાટ એટલે કે પીઆર (PR)ની તૈયારી પણ કરી રહી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ, 15 મેના રોજ વિધિ ઘરની બહાર નીકળી હતી. આ દરમિયાન તેના પર હુમલો થયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે અજ્ઞાત હુમલાખોરે ધોળાદિવસે તેના પર ચાકુથી હુમલો કર્યો હતો. શરૂઆતી માહિતીમાં લૂંટફાટના ઈરાદાથી હુમલો કરવામાં આવ્યો હોવાની વાત પણ સામે આવી રહી છે. હુમલો એટલો ખતરનાક હતો કે વિધિ ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેનેડામાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાનો આ પહેલો કિસ્સો નથી. આ પહેલા ગયા વર્ષે ડિસેમ્બરમાં ટોરોન્ટોમાં 30 વર્ષની ભારતીય મૂળની મહિલા હિમાંશી ખુરાનાનો મૃતદેહ મળ્યો હતો. જ્યારે એપ્રિલ 2025માં ઓન્ટારિયોમાં પંજાબી મૂળની 21 વર્ષની વિદ્યાર્થિની હરસિમરક રંધાવાની ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી.

### વિધિ ૪ વર્ષ પહેલા કેનેડા ગઇ હતી

આ ઘટના બાદ સ્થાનિક લોકોએ તરત જ તેને હોસ્પિટલ પહોંચાડી હતી, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધી. આ દર્દનાક ઘટનાના સમાચાર સામે આવતા જ બોરસદ અને આસપાસના વિસ્તારમાં લોકો સ્તબ્ધ થઈ ગયા. સ્થાનિક પોલીસે આ મામલામાં એક આરોપીની ધરપકડ પણ કરી લીધી છે અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. જોકે હજુ સુધી હત્યા પાછળનું અસલી કારણ સામે આવી શક્યું નથી. વિધિ 4 વર્ષ પહેલાં કેનેડા ગઈ હતી.

### બોરસદ રહેતા પરિવારજનો શોકમગ્ન

પરિવારના લોકો રડી-રડીને બેહાલ થઈ ગયા છે. વળી, વિસ્તારના લોકો પણ આ ઘટનાથી આઘાતમાં છે. વિદેશમાં અભ્યાસ અને ઉજ્જવળ ભવિષ્યનું સપનું લઈને ગયેલી એક દીકરીનું આ રીતે મોત થવાથી દરેક વ્યક્તિ દુખી છે. તાજેતરના સમયમાં વિદેશમાં રહેતા ભારતીયો પર હુમલાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. આવા કિસ્સાઓએ વિદેશમાં રહેતા ભારતીય પરિવારોની ચિંતા પણ વધારી દીધી છે.

### લૂંટના ઈરાદે છરીથી હુમલા કરાયાની આશંકા

મીડિયા રિપોર્ટ અનુસાર, પરિવારના લોકોએ જણાવ્યું કે 16મી મેથી તેમનો વિધિ સાથે સંપર્ક થઈ શકતો ન હતો. આ પછી તેમણે તેના મિત્રો અને આસપાસના લોકોનો સંપર્ક કર્યો. પરિવારને માત્ર એટલી જ ખબર પડી કે તે ઘરની બહાર ગઈ છે. બાદમાં વિદેશ મંત્રાલય તરફથી માહિતી મળ્યા પછી પોલીસ પરિવારના ઘરે પહોંચી અને સમગ્ર ઘટનાની માહિતી આપી. ત્યારે જ પરિવારને ખબર પડી કે તેમની દીકરીની હત્યા થઈ ચૂકી છે અને આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

---

**ડાકોરના મુખ્ય માર્ગો પર દબાણખોરોનો ભરડો છતાં તંત્ર મૌન**

# ડાકોરમાં હોસ્પિટલ પાસે જ એમ્બ્યુલન્સ અટવાતા રોષ

**નગરપાલિકા** અને પોલીસ તંત્રની રહેમનજર હેઠળ ફૂલેલું-ફાલ્યું દબાણ

(પ્રતિનિધિ) ડાકોર તા.૨૮

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં આવેલી સરકારી હોસ્પિટલની આસપાસ થયેલા દબાણોને કારણે ગંભીર પરિસ્થિતિ સર્જાઈ છે. અહીં હોસ્પિટલના પ્રવેશદ્વાર અને તેની આસપાસના વિસ્તારોમાં લારી-ગલ્લાઓના અડીંગાને લીધે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે.

ડાકોરમાં સૌથી ગંભીર બાબત એ છે કે, કટોકટીના સમયે દર્દીઓને લઈને આવતી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ આ દબાણોને કારણે રસ્તામાં અટવાઈ જાય છે, જેનાથી દર્દીનો જીવ જવાનું જોખમ ઉભું થયું છે. સ્થાનિકો અને દર્દીઓના સગાઓનો આક્ષેપ છે કે ડાકોર નગરપાલિકા, પોલીસ સ્ટેશન અને હોસ્પિટલના ઉચ્ચ અધિકારીઓ આ દબાણખોરોને છાવરી રહ્યા છે.

જ્યારે પણ કોઈ મંત્રી કે ઉચ્ચ અધિકારીની મુલાકાત હોય, ત્યારે તંત્ર દ્વારા માત્ર દેખાડો કરવા માટે થોડા દિવસો પૂરતા દબાણો હટાવવામાં આવે છે, પરંતુ તેમના ગયા બાદ પરિસ્થિતિ ફરી 'જૈસે થે' થઈ જાય છે. તંત્રની આ નિષ્ક્રિયતા અને મિલીભગતને કારણે ડાકોરની જનતા અને દર્શનાર્થે આવતા યાત્રાળુઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સત્વરે યોગ્ય કામગીરી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

### મંદિરના દરવાજા પાસે આડેધડ પાર્કીંગ

ડાકોરના સુપ્રસિદ્ધ રણછોડરાયજી મંદિરના બહાર નિકળવાના દરવાજા પાસે આડેધડ પાર્કીંગ જોવા મળે છે. અહીં પોલીસ માત્ર શોભાના ગાંઠિયા સમાન હોય તેવું ચિત્ર ખડું થયું છે. આ ઉપરાંત રીક્ષા ચાલકોનો અસહ્ય ત્રાસ સ્થાનિક લોકોને અકળાવી મુકે તેવો છે. મુસાફરોને બેસાડવા આડેધડ રસ્તા પર રીક્ષા ઉભી રાખી દે છે. આ ઉપરાંત ભાડા પણ મોં - માથા વગરના લેતા હોવાની ફરિયાદ ઉઠી છે. સવારના મંગળા આરતીના સમયે ખાનગી વાહનો છેક સુધી આવી જતાં હોવાથી પોલીસ કોઇ પગલાં ભરતી નથી.

### ડાકોરમાં પાણીની અનિયમિતતાથી રોષ

ડાકોરમાં કાળઝાળ ગરમી વચ્ચે નગરપાલિકાની અણઆવડતના કારણે વોર્ડ નં.4માં પાણી વિતરણમાં ધાંધીયા જોવા મળે છે. આ અંગે ડાકોર નગરપાલિકાના અધિકારીઓ અને કાઉન્સિલરને પણ રજુઆત કરવા છતાં સમસ્યા જેમની તેમ છે. આથી, ડાકોર નગરપાલિકાના અધિકારીઓ અને કાઉન્સિલરને પ્રજાની સેવાના બદલે માત્ર 'વહીવટ'માં જ રસ હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

---

**ઝઘડામાં વચ્ચે પડેલો યુવક હુમલાનો ભોગ બન્યો**

# કેસરા ગામે ક્રિકેટના વિવાદમાં યુવાન પર જીવલેણ હુમલો

**બાળકો** વચ્ચેનો ઝઘડો શાંત પાડવા ગયેલા કોલેજિયન યુવાન પર બે શખ્સો તૂટી પડ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

મહેમદાવાદ તાલુકાના કેસરા ગામે ક્રિકેટ રમતી વખતે બોલ નાખવા જેવી સામાન્ય બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. રમત દરમિયાન બાળકો વચ્ચે થઈ રહેલા ઝઘડામાં મધ્યસ્થી કરવા ગયેલા ગામના જ એક ૨૧ વર્ષીય કોલેજિયન યુવાન પર બે શખ્સોએ ક્રિકેટના બેટ વડે જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનને હાલ ઓપરેશન માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

મહેમદાવાદના કેસરા ગામના ઓડવાસમાં રહેતા અને કોલેજના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા આકાશ સુરેશભાઈ ઓડ ૨૭મી મેની સાંજે ગામની પ્રાથમિક શાળા પાછળના ખેતરમાં ક્રિકેટ રમી રહ્યા હતા. સાંજના સાતેક વાગ્યાના સુમારે બોલ નાખવા બાબતે બાળકો અંદરોઅંદર ઝઘડવા લાગતા આકાશ તેમને સમજાવવા ગયો હતો.

આ દરમિયાન ગામના જ અરૂણ બાબુભાઈ તળપદા અને દિપક બાબુભાઈ તળપદાએ ઉશ્કેરાઈ જઈ આકાશ સાથે ગાળાગાળી કરી હતી. આ ઝઘડા દરમિયાન દિપકે આકાશને નીચે પાડી દીધો હતો અને અરૂણે ક્રિકેટનું બેટ આકાશના કપાળ પર જોરથી ઝીંકી દીધું હતું. લોહીલુહાણ હાલતમાં આકાશ જમીન પર ઢળી પડતા હુમલાખોરો ભાગી છૂટ્યા હતા. તબીબી તપાસ અને સીટી સ્કેનમાં આકાશને કપાળના ભાગે ફ્રેક્ચર હોવાનું બહાર આવ્યું છે. મહેમદાવાદ પોલીસે આ મામલે બંને હુમલાખોરો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આણંદમાં શટર તોડ ગેંગનો સાગરિત પકડાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદ શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં આવેલ પોસ્ટ ઓફિસ સામેના અમન એવન્યુ કોમ્પ્લેક્ષ અને હરીબા વ્યાપાર ભુવનમાં ગત મોડી રાત્રે તસ્કર ટોળકીએ તરખાટ મચાવ્યો હતો. જોકે, આ ટોળકીનો એક સાગરિત પકડાઇ ગયો હતો.

આણંદ શહેરની અમન એવન્યુમાં આવેલી 'મહાદેવ ઓપ્ટીકલ', 'અરહાન ઓપ્ટીશીયન', 'એ.આર ઓપ્ટીકલ' અને 'યોગી અસેસરીઝ'ના શટર તોડવામાં આવ્યા હતા. આ દુકાનમાંથી તસ્કરો ડ્રોવરમાંથી રોકડા 5,000 તેમજ આઈફોન-11, આઈફોન-12, રેડમી અને વીવો કંપનીના મોબાઈલ ફોન ચોરી ગયા હતા.

આ ચોરી કરી ભાગી રહેલા ત્રણ શખ્સો પૈકી સુરતના તુષાર દીનેશભાઈ આહણીયાને જાગૃત નાગરિકોએ રંગેહાથ ઝડપી પાડી પોલીસને સોંપ્યો હતો. આ ઘટનામાં સંડોવાયેલા અન્ય બે સાગરીતો પ્રવિણ નાગર અને હીરેન ગોહીલ ફરાર થઈ ગયા છે, જે અંગે આણંદ ટાઉન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નેશનલ હેલ્થ મિશનના કર્મી બે માસથી પગાર વંચીત

**મોંઘવારીમાં ઘર** ચલાવવું મુશ્કેલ બનતા કર્મચારીઓને વ્યાજે રૂપિયા લાવવાની નૌબત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડતા નેશનલ હેલ્થ મિશન (NHM) હેઠળના કરાર આધારિત કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી પગાર ન મળતા તેમની સ્થિતિ કફોડી બની છે. એક તરફ કાળઝાળ મોંઘવારી અને બીજી તરફ વહીવટી તંત્રની લાલિયાવાડીના કારણે પગાર ન થતા કર્મચારીઓ પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

ખેડા જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી આરોગ્ય સેવાઓ પહોંચાડતા આયુષ ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ, ફાર્માસિસ્ટ અને લેબ ટેકનિશિયન સહિતના કર્મચારીઓને છેલ્લા બે માસથી તેમનો હક્કનો પગાર ચૂકવાયો નથી. નિયમિત વેતન ન મળવાને કારણે કર્મચારીઓને ઘરનું રાશન લાવવા, બાળકોની સ્કૂલ ફી ભરવા અને બેંક લોનના હપ્તા ભરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. આર્થિક ભીંસના કારણે અનેક કર્મચારીઓએ વ્યાજે પૈસા લાવવાની કે સગા-સંબંધીઓ પાસે હાથ લંબાવવાની નોબત આવી છે.

આ અંગે કર્મચારી મંડળોનો આક્ષેપ છે કે દર વખતે ગ્રાન્ટ ન આવી હોવાનું બહાનું ધરીને કરાર આધારિત કર્મચારીઓના પગાર લટકાવી દેવામાં આવે છે, જ્યારે કાયમી કર્મચારીઓનો પગાર સમયસર થઈ જાય છે. આ ભેદભાવ અને અન્યાયી નીતિ સામે કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે જિલ્લા ફાઈનાન્સ અધિકારી નેહા રાવે જણાવ્યું હતું કે, જિલ્લાના 9 તાલુકાના કરાર આધારિત કર્મચારીઓનો પગાર ચૂકવી દેવામાં આવ્યો છે. માત્ર ગલતેશ્વર તાલુકાના બિલ રજૂ કરવામાં વિલંબ થવાને કારણે ત્યાંના કર્મચારીઓનો પગાર બાકી છે, જે ચૂકવવા માટે હાલ વહીવટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ખંભોળજમાં બંધ મકાનમાંથી ૧.૮૪ લાખની ચોરી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

ખંભોળજ ગામના દીવાન તકીયા વિસ્તારમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂ. ૧.૮૪ લાખ ઉપરાંતની મત્તાની ચોરી કરતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે.

ખંભોળજ ગેટ સામે ચાની લારી ચલાવી ગુજરાન ચલાવતા સુરેશભાઇ ચતુરભાઈ ગત ૨૦મી મેના રોજ રાત્રે આઠેક વાગ્યે પોતાના ઘરને તાળું મારી પરિવાર સાથે ઠાકોર મહોલ્લામાં આવેલા બીજા ઘરના ધાબા પર સુવા ગયા હતા. રાત્રિના તસ્કરોએ તકનો લાભ ઉઠાવી મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. સવારે જ્યારે સુરેશભાઇ પોતાની ચાની લારી ખોલવા માટે ઘરે પરત આવ્યા ત્યારે ઘરનો દરવાજો ખુલ્લો જોઈ ચોંકી ઉઠ્યા હતા. આ અંગે તપાસ કરતા અંદર સામાન વેરવિખેર હતો અને તિજોરીમાંથી 3 તોલાનું સોનાનું લોકેટ, સોનાની બુટ્ટી, કાનસેરો, ચાંદીના કડલા અને ૭૦ હજારની રોકડ મળી કુલ ૧.૮૪ લાખની મત્તા ગાયબ હતી. આ અંગે સુરેશભાઈએ ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી.

## આણંદ મનપામાં ડેપ્યુટી કમિશનર નિમાયાં

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮



રાજ્ય સરકાર દ્વારા ગુજરાત વહીવટી સેવાના વહીવટી માળખામાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. આ સાથે જ, મામલતદાર વર્ગ-૨ના અધિકારીઓને બઢતી આપીને વર્ગ-૧ માં નિમણૂંક આપવામાં આવી છે. આ ફેરબદલ અંતર્ગત ડભોઇના મામલતદાર પી.આર. સંગાડાને બઢતી આપીને કરમસદ-આણંદ મહાનગરપાલિકામાં ડેપ્યુટી કમિશનર તરીકે નિયુક્ત કરાયા છે. અન્ય ફેરફારોમાં મહુધાના મામલતદાર પી.એસ. ભુરિયાની વડોદરા ખાતે ડેપ્યુટી કલેક્ટર અને કઠલાલના મામલતદાર એસ.આર. બારીયાની નડિયાદ ખાતે બદલી કરી છે. આ ઉપરાંત, મહિસાગરના મામલતદાર પી. કે. મોઢવાડિયાની રાજકોટ ખાતે ડે. કલેક્ટર તરીકે બદલી કરી છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225